# વિભાગ ૨

## શું વાંચશો ?

- ★ પૂજ્યશ્રીના કાલધર્મ પ્રસંગે આવેલ પૂ. આચાર્યદેવો આદિ ચતુર્વિધ શ્રી સંઘનાં ૪૦૩ પત્રો પૈકી માત્ર ઝલકરૂપ પત્રો
- ★ પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા તે ૪૦૩ પત્રોનો પાઠવાયેલ મુદ્રિત પ્રત્યુત્તર
- ★ પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યવૃંદના ૨૦ લેખો
- ★ પૂ. આચાર્યદેવાદિ દ્વારા પૂજ્યશ્રીને ભાવાંજલિ અર્પતા ૧૦૯ લેખો



**મોહતિમિર ભેદનભણી, ગુરુ દીપક સમ ધાર;**
**ભવજલધિ પડતા થકા, મોટો ગુરુ આધાર.**

પૂજ્યશ્રીના કાલધર્મ પ્રસંગે પૂ. ગચ્છાધિપતિ આદિ આચાર્યદેવોના, અનેક સાધુ-સાધ્વીજીના અને શ્રી સંઘો-અગ્રણીઓ આદિના મળી ૪૦૩ પત્રો આવ્યા હતા. અહીં એ સર્વેનો સમાવેશ તો શક્ય નથી. પરંતુ એક ઝલકરૂપે, પૂજ્યશ્રીના કાલધર્મ બાદના પ્રથમ તબક્કાના ૫૧ ગુરુભક્તિમહોત્સવોની સંયુક્ત પત્રિકાના અંતિમ પેજ પર પ્રકાશિત પત્રો તથા યુગદિવાકર સમુદાયના ગચ્છનાયક પૂજ્યોનાં પત્રો અહીં પ્રસ્તુત છે. -પ્રકાશક

## પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીનો પત્ર

આચાર્ય શ્રી કનકરત્નસૂરિજી તરફથી અનુવંદના સુખશાતા સાથે...

આ. શ્રી સૂર્યોદયસૂરિજી મ. ના કાળધર્મના સમાચાર સાંભળીને અમે ઘેરી દુઃખદ લાગણી અનુભવી છે.

એક પ્રૌઢપ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા આરાધક આત્માની આપણા સમુદાયને તેમ જ જૈન શાસનને કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

તમે સહુ સ્વસ્થ રહેજો અને યુગદિવાકર ગુરુદેવશ્રીના નામને ઝળહળતું રાખવા પ્રયત્નશીલ બનજો એવી મારી મનોભાવના વ્યક્ત કરું છું.

ગુણાનુવાદની સભામાં મારી પરોક્ષ હાજરી માની લેજો.

-આચાર્ય કનકરત્નસૂરિ

## પૂ. વર્તમાન ગચ્છનાયકશ્રીનો પત્ર

શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી આદિ 'રત્ન' પરિવાર!

યથાયોગ્ય અનુવંદના - શાતા

પ.પૂ. પ્રખર વિદ્વાન પરમશાસનપ્રભાવક પરમોકારી આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા. ના કાળધર્મથી આપણા સમુદાયે જ નહીં, પણ સમગ્ર જૈનશાસને એક તેજસ્વી હીરો ગુમાવ્યો છે. વ્યક્તિગત રીતે મારા પર તેઓશ્રીના ખૂબ ઉપકારો હતા. દીક્ષાના પ્રારંભકાળે મને ઘણો ખરો અભ્યાસ, ખાસ કરીને સંસ્કૃત બે બુક અને લઘુપ્રક્રિયાવ્યાકરણ, તેઓશ્રીએ કરાવ્યું હતું. મને તેઓશ્રીના માટે ખૂબ આદર છે. એથી ઘણાં વર્ષોથી દરેક પત્રોમાં હું તેમના માટે 'મારા ઉપકારી વિદ્યાગુરુ' સંબોધન લખતો હતો.

પૂ. યુગદિવાકરશ્રીનો શાસન પ્રભાવના વારસો દીપાવનાર પૂજ્યશ્રીનો પુણ્યાત્મા શીઘ્ર પરમપદ પામે એ જ ભાવના.

-વિજયચન્દ્રસેનસૂરિ

